# Telephone Conversation between Prime Minister and His Royal Highness The Prince of Wales

April 02, 2020

## વડાપ્રધાન અને મહામહિમ પ્રિન્સ ઑફ વેલ્સ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 02, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મહામહિમ પ્રિન્સ ઑફ વેલ્સ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને મહાનુભાવોએ ચાલું કોવિડ-19 મહામારી પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને પાછલા અમુક સપ્તાહમાં યુકેમાં થયેલી જાનહાનિ પર દિલાસો પાઠવ્યો હતો. તેણે સંતોષ વ્યક્ત કર્યો હતો કે મહામહિમ તાજેતરમાં તેઓને થયેલી બિમારીમાંથી સાજા થયા હતા, અને તેઓને સારા દિર્ઘાયુની શુભેચ્છા પાઠવી હતી.

મહામહિમ પ્રિન્સે નેશનલ હેલ્થ સર્વિસનાં ઘણા સભ્યો સહિત યુકેમાં રહેલા ભારતીય સભ્યોની પ્રશંસા અભિવ્યક્ત કરી હતી જેઓ આ મહામારી સામે લડવામાં ખંતપૂર્વકની ભૂમિકા ભજવી રહ્યા હતા. તેણે યુકેમાં ભારતીય સમુદાયનાં ધાર્મિક અને સામાજિક સંગઠનો દ્વારા કરવામાં આવી રહેલા નિઃસ્વાર્થ કાર્યનો પણ સંદર્ભ લીધો હતો.

મહામહિમ પ્રિન્સે વર્તમાન કટોકટીમાં ભારતમાં ફસાયેલા યુકેનાં નાગરિકો માટે સુવિધા અને સહાયતા પ્રદાન કરવા માટે વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

વડાપ્રધાને હંમેશા આયુર્વેદમાં ઉંડાણપૂર્વકનો રસ ધરાવવા બદલ મહામહિમ પ્રિન્સનો આભાર માન્યો હતો. તેણે રોગપ્રતિકારકતા વધારવા માટે ટૂંકા એનિમેશન વિડીયો મારફત સાદી યોગ કસરતો શિખવવા અને સરળ ઘર પર બનાવેલા પરંપરાગત ઈલાજોનો પ્રસાર કરવાનો ધ્યેય રાખતી તાજેતરની ભારતીય પહેલ સમજાવી હતી. મહામહિમ પ્રિન્સે ખાસ કરીને વર્તમાન પરિસ્થિતિમાં આરોગ્ય અને સુખાકારી વધારવા માટેની પહેલની ક્ષમતાની પ્રશંસા કરી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 02, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.